સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ડૂબી ગઇ ખૂદ પણ, અનેક પિડીતા તારે છે,
થશે કંઇ નહીં, માત્ર 'કડક સજા'ને નારે છે,
'કોર્ટને આરે છે કેસ,' કહી કરશે હાથ ઉંચા -
માછલીના મૃત્યુ પર આ મગરો આંસુ સારે છે

હાઈકુ

આ વખતે તો,
અસલી તળાવમાં -
ખિલ્યું 'કમળ'
(ખાનગી કંપની સહારે)

શોભે નગર,
બાહ્ય શણગારથી -
વાઇબ્રન્ટમાં..
(નગર=મહાત્મા મંદિર સુધી)

ચિંતન

ન દિષ્યમભ્યતિકાન્તું શકયં ભૂતેન કેનચિત્ ।
દિષ્ટમેવ ધ્રવં મન્યે પૌરૂષ તુ નિરર્થકમ્ ॥

વિદુરનીતિનો આ શ્લોક છે :

ભાગ્ય-નશીબ બળવાન કે પુરૂષાર્થ એ હંમેશાં વાદ-વિવાદનો મુદ્દો રહ્યો છે. વિદુરજી નશીબ-પ્રારબ્ધ-ભાગ્યને મહત્ત્વ આપે છે :

'નશીબ-પ્રારબ્ધ જ મહત્ત્વનું છે, કોઇ પણ પ્રાણી તેનું ઉલ્લંઘન કરી શકતું નથી તેથી હું પ્રથમ પ્રારબ્ધને જ મહત્ત્વ આપું છું, એ જ અટલ છે પુરૂષાર્થને નિરર્થક માનું છું.'

પ્રારબ્ધ અને પુરૂષાર્થ એક જ સિક્કાની બે બાજુ છે. આમ છતાં કોઇ 'શોલે'ના સિક્કાની જેમ એની બનાવટની વિચારશ્રેણી ઉભી કરે છે માત્ર 'પુરૂષાર્થ' જ મહત્ત્વનો છે કે માત્ર 'પ્રારબ્ધ' જ મહત્ત્વનું છે.

એક ખેડૂત કૂવો ખોદે છે. ૪૦-૫૦ ફૂટ ખોદ્યા પછી કંટાળી છોડી દે - ખેતર વેંચી નાખે, બીજો ખેડૂત એ જ કૂવો એક ફૂટ ખોદે અને જલ રાશિનો ફૂંવારો ફૂટે!!

ધૈર્ય પૂર્વક પુરૂષાર્થ કરી, નશીબ પર વિશ્વાસ રાખી, પરિશ્રમ કરનારને ભાગ્ય ફળે છે. માત્ર ભાગ્ય-નશીબની માયા જપનારને ફળ પ્રાપ્ત થતું નથી. વળી એમ પણ કહેવાય છે. જેહના ભાગ્યમાં જે સમયે જે લખ્યું તેહ ને તે જ જ સમયે તે આવીને જ મળે છે. માગે ન માગે ભાગ્ય દોડતું આવે છે. દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હે - આ વિચારશ્રેણી પ્રમાણે વિદુરજી ભાગ્યને મહત્ત્વ આપે છે.

સુવિચાર

- **તમારી પોતાની 'અજ્ઞાનતા'નો તાગ મેળવવા માટે તમારી પાસે વિપુલ જ્ઞાન હોવું જરૂરી છે - ટોમસ પોવેલ**
- **જ્ઞાનનું વૃક્ષ આપણને વૃધ્ધાવસ્થામાં છાયડો અને વિસામો આપે છે - ચેસ્ટર હિલ્ડ**
- **સામાન્ય વ્યક્તિ 'વિચારો'નો દાસ છે જ્યારે જ્ઞાની વિચારોનો સમ્રાટ છે- જે. કૃષ્ણમૂર્તિ**
- **જ્ઞાનમાં કરેલું રોકાણ હંમેશાં સૌથી ઊંચું વ્યાજ આપે છે - હર્બર્ટ**
- **જ્ઞાન એકતા તરફ અને અજ્ઞાન ભેદભાવ તરફ દોરી જાય છે - રામકૃષ્ણ પરમહંસ**
- **બધી બાબતોમાંથી સત્ય અને સાર શોધી કાઢવાની શક્તિ એટલે જ્ઞાન- એસ. ભટ્ટાચાર્ય**
- **પોતાની 'અજ્ઞાનતા'નો ભાસ થવો એ જ્ઞાનનું પ્રથમ સોપાન છે - ડિઝરાયલી**

બોધ કથા

કોઇ પણ વાત-બાબત-ઘટનાનાં બે પાસાં તો હોય છે, હકારાત્મક દૃષ્ટિવાળા એમાંથી સારો અરથ કાઢે છે જ્યારે નકારાત્મક વિચારશ્રેણીની દૃષ્ટિ ધરાવનારા એમાંથી પોતાની મરજી મુજબ એવો કાઢે છે!

અકબરના દરબારમાં એક બીરબલની અદેખાઇ કરતો કાજી હતો. અને બીરબલને કારણે એ બ્રાહ્મણોનો પણ વિરોધી હતો.

એક દિવસ એક ગરીબ બ્રાહ્મણ દરબારમાં એક પીપળાનું પાન, એના પર ચોખા ને યજ્ઞકુંડની ભસ્મ લઇ અકબરને પ્રસાદી આપવા આવ્યો. દક્ષિણાની અપેક્ષા હતી. પણ તે દિવસે ડિસેમ્બરમાં સીએલ વાપરી નાખરવાની વૃત્તિથી બીરબલ રજા પર હતો. કાજી બીરબલનો ચાર્જ સંભાળતો હતો. અકબરે કાજી સામે જોયું અને આખના ઇસારે આ બધું શું છે? એમ પૂછ્યું.

કાજીએ તરત બ્રાહ્મણને જેલમાં પુરી નાખો' ની આજ્ઞા કરી. બ્રાહ્મણ ગયા પછી કાજીએ કહ્યું, આ ત્રણ વસ્તુ તમારી લીલીવાડી, ધનના ભંડાર, ભસ્મ થઇ જાય એવો સંકેતથી કંઇક જાદુ-ટોણા કરી લાવ્યો હતો.

બીજે દિવસે બીરબલ હાજર થયો, એને બ્રાહ્મણની હાલતની જાણ થઇ. અને રાજાને સમજાવ્યું, કે બ્રાહ્મણ તો યજ્ઞ તમારા કલ્યાણ માટે કરીને આવ્યો હતો. તમારા પરિવારની વાડી લીલી રહે, ધનના ભંડાર ભર્યા રહે અને દુશ્મનો ખાખ થઇ જાય એ ભાવનાથી આવ્યો હતો!

રાજાએ બ્રાહ્મણને દક્ષિણા આપી મુક્ત કર્યો.

દિલ્હીની ઘટના માટે બૂમો પાડીએ છીએ પણ આપણી ગલીમાં બહેન-દીકરીઓની છેડતી કરતાં રોડ રોમિયોને સ્હેજ ઊંચા અવાજે 'ચલ જા હવે!' કહીએ છીએ ખરાં?

સખીને પત્ર
- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

આથમતાં વર્ષની સંધ્યા ટાણએ આવનારા નવા વર્ષના વધામણાં કરતાં ટોળાઓ અને પાર્ટીઓની ભરમાર વચ્ચે દિલ્હી ગેંગરેપની પીડિતાએ દુનિયાને અલવિદા કરી દીધી છે. તેના સમર્થનમાં લોકોના ટોળેટોળાં ક્યાંક મૌનપણે તો ક્યાંક સવાક્ બળાત્કારીઓને ફાંસીની સજાનો અનુરોધ કરી રહ્યાં છે. સમગ્ર જાગૃત જનસમાજ જાણે કંઇક બતાવી દેવાની ભરતીએ ચડ્યો છે.

દરેક ભરતીની એક ઓટ પણ હોય છે. ઓટ આવે પછી ભરતીની સંભાવ્યતા વધે છે. જયારે જયારે અણ્ણાજી જોડે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનમાં જોડાતાં લોકોને જોઉં છું કે ૨૬/૧૧ની ઘટના પછી આતંકવાદના વિરોધમાં ગેટ વૉ ઑફ ઇન્ડિયા આગળ નીકળેલી શાંત રૅલીના દૃશ્યો યાદ કરૂં છું ને નજર સામે દિલ્હીના રસ્તો પર પોલીસ દમન સહન કરીને પણ પુરજોર વિરોધ કરી રહેલાં લોકોને નિહાળીને મને હંમેશા પ્રશ્ન થાય છે કે વિરોધની આવી ભરતીઓ, આવો, જુવાળ અચાનક ક્યાં, ક્યારે અને કેવી રીતે ઠંડો પડી જાય છે? ભરતીનો એક નિયમ છે ભરતી ચડે ત્યારે એંજ બધુ કિનારે ફેંકાય છે જેને ઓટ સમયે દરિયો કિનારા પરથી ઢસડીને પોતાની સાથે લઇ ગયો હતો. ખૂન, આતંકવાદ, બળાત્કાર કે ભ્રષ્ટાચાર જેવી દુર્ઘટનાઓ વખતે આપણને ચડતો વિરોધ અને જુસ્સાનો જુવાળ આપણી આસપાસ દિવસમાં અનેત વખત ઘટતી નાની - નાની દુર્ઘટનાઓ - કે જેને આપણે આંખ આડા કાન કરી અવગણતા હોઇએ છીએ પરંતુ આપણા મનોમસ્તિષ્ક પર તે ધીરે ધીરે જમા થતી હોય છે.

પરંતુ હેરાન કરી દેતી બાબત એ છે કે આ ભરતી જેટલી ઝડપથી ચડે છે એટલી જ ઝડપથી ઓસરી જાય છે. દુર્ઘટનાઓની ધૂળ ખંખેરીને બ્હાવરૂં મન પાછું દુનિયાની લીલાઓ અને માયાઓ વચ્ચે આવી વિલસવા લાગે છે. અને એ જ કારણ છે કે દિલ્હી ગેંગરેપ એ કદાચ છેલ્લી દુર્ઘટના નથી. જેમ ૨૬/૧૧ નો હુમલો આતંકવાદનું છેલ્લું પરિણામ ન હોય તેમ જ.

ફૅસબુક ઉપર, ટ્વીટર પર, મીડિયાના હાથે ચડ્યા, માધ્યમ દ્વારા 'વિરોધ છે વિરોધ છે' ના નારા લગાવી દીધા. બસ! વાત... પતી ગઇ. આવા ગુસ્સા માટે એક, સરસ શબ્દ મને મળ્યો છે અને તે છે 'વાંઝિયો ગુસ્સો' જે ગુસ્સામાં કોઇ નક્કર પરિણામ ન મળે તેને વાંઝિયો ગુસ્સો કહેવાય. થોડા વખત પહેલાં છાપામાં એક ગામના ખેડૂતની વાત હતી. તના દીકરાને ગામની પોલીસ ચોરીના ખોટા આરોપસર જેલમાં લઇ ગઇ. ખેડૂત ગરીબ બિચારો - લાચાર થઇ ગામના મોટા-મોટા માણસોને મળ્યો અને પોતાનો દીકરો નિર્દોષ હતો તેની વાત કરી. તેને છોડાવવા મદદ માંગી પણ બધાએ તેને ધુત્કારી કાઢ્યો. ખેડૂત પોલીસોને મળ્યો પણ તેની વિનંતીઓ બહેરા કાને અથડાઇને પાછી આવી. લાચારી - નિરાશા અને ગુસ્સાથી તે મૂઢ જેવો થઇ ગયો. પછી તેણે પાવડો - કોદાળી અને તગારૂં લીધું અને ગામની બહાર ઉજ્જડ જમીનમાં ખાડો ખોદવાનું શરૂ કર્યું. જેટલો વધારે ગુસ્સો એટલો જોરથી ઘા ઘધડાવે. પછી તો આ તેનો નિત્યકમ બની ગયો. ગામની બહાર જાય અને સવારથી સાંજ સુધી એ ખાડો પહોળો - ઊંડો ખોદતો જ જાય...

તેનો દીકરો જેલમાંથી છૂટ્યો, અને ત્યાં સુધીમાં આ વૃધ્ધ ગરીબ ખેડૂતે એક મોટું તળાવ ખોદીને તૈયાર કરી નાંખ્યું હતું. વરસાદનું પાણી તેમાં ભરાતા ગામની સિંચાઇનો કાયમી પ્રશ્ન ઉકેલાઇ ગયો. જે ગામવાળા એ તેને હડધૂત કર્યો હતો. તેમણે જ તેનું અને તેના દીકરાનું વાજતે ગાજતે સ્વાગત કર્યું. પોલીસ પણ આ ધન્ય અવસરમાં સામેલ થઇ અને ખેડૂતને સલામી આપી. ગામ અને પોલીસ પરના પોતાના ગુસ્સાને ખેડૂતે કોઇ એવા રસ્તે વાળ્યો કે તેના અપમાનનો બદલો લેવાઇ ગયો કોઇ ખૂન - ખરાબી કર્યાં વગર.

દરિયામાં ભરતી ઓટ રોજ આવે છે પરંતુ તેનાથી અમૃત મળતાં નથી એના માટે તો દરિયાને પેટાળમાંથી વલોવી નાંખવો પડે. ઝેરના પારખામાંથી સાંગોપાંગ ઉતરવું પડે. સમાજમાંથી બદીઓને દૂર કરી સ્વસ્થ સમાજનું સપનું જોવી હશે તો મંથન કરવું પડશે. માત્ર બૂમો પાડીને વાંઝિયો ગુસ્સો પ્રગટાવ્યા વગર સુન્દરમ્ ના પેલા ગીતની જેમ -

''ટીપી ટીપી બધું તે અવલનવલ ત્યાં અર્પવા ઘાટ એને
ઝીંકી રહે ઘા, ભુજાઓ, લઇ ઘણ, જગને ઘા થકી ઘાટ દેને!
ઘણુંક તોડવું, તું ફટકાર ઘા ઓ ભુજા!''

પેલા ખેડૂતની જેમ શાણપણથી વિચાર કરી કંઇક રસ્તાઓ શોધવા પડશે. ગુસ્સાને આપણી તાકાત બનાવી સમસ્યાના સમાધાન શોધવાં.

આપણે શું કરીએ છીએ? દિલ્હીની ઘટના માટે બૂમો પાડીએ છીએ પણ આપણી ગલીમાં બહેન-દીકરીઓની છેડતી કરતાં રોડ રોમિયોને સ્હેજ ઊંચા અવાજે 'ચલ જા હવે!' કહીએ છીએ ખરાં? સમાજમાં બનનારી શરમજનક ઘટનાઓના ભોગ બનનાર આ જ સમાજનાં છે. ન્યુ યરની પાર્ટીઓના બહાને છાટકા બનવાનો છૂટો દૌર મા-બાપ તરીકે આપણે જ આપીએ છીએ ને? આપણા વિસ્તારમાં થતી છેડતી કે રોમિયોગીરીને જો આપણે ખબરદાર થઇને અટકાવતાં નથી તો છે...ક દિલ્હીમાં બનેલી ઘટના માટે મૌન રેલી કાઢવાનો આપણને કોઇ હક્ક નથી. બાકી... અત્યારે તો ઝવેરચંદ મેઘાણીના શબ્દો જ યાદ આવે -

હજારો વર્ષ જૂની અમારી વેદનાઓ;
કલેજાં ચીરતી કંપાવતી અમ ભય કથાઓ,
મરેલાંના રૂધિરને જીવતાંના આંસુડાઓ;
સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુઓ!
અમારા યજ્ઞનો છેલ્લો બલિ : આમીન કે'જે!
ગુમાવેલી અમે સ્વાધીનતા તું ફેર દે'જે!

બળાત્કાર, દહેજ, અપહરણ, આતંકવાદ, ભ્રષ્ટાચારના ભોગ બનેલાં નિર્દોષો ને શ્રધ્ધાંજલિ સાથે ઇશ્વરને પ્રાર્થના કે આવનારૂં વર્ષ તમારી - મારી આપણાં સૌની ચેતનાને જગાડનારૂં હોય.

અસ્તુ!

- તારી સ્વાતિ

શ્રધ્ધાની પૉલિસી અને ભરોસાના પ્રિમિયમથી માણસ જીવતો હોવો જોઇએ

નીડરતા
- મૃગેશ શાહ

નીડરતા એ ભણેલા વ્યક્તિનું લક્ષણ હોવું જોઇએ. નીડરતાનો અર્થ ફિલ્મોની જેમ કંઇ ચોથે માળેથી ભૂસકા મારવામાં રહેલો નથી, પરંતુ કોઇના દોરવાયા દોરવાઇ ન જવું અને જે કોઇ પણ પરિસ્થિતિ હોય, પોતાની સમ્યક બુધ્ધિથી નિર્ણયો લેવા એ સાચી નીડરતા છે. અત્યારનો સમાજ ડરપોક સમાજ છે કારણ કે આ સમાજ ભૌતિકવાદી અને સાધનલક્ષી છે. ભૌતિકતા હંમેશા ડરાવે. પૈસા ન હોય તો તેને મેળવવાનું ટેન્શન, પૈસા આવે તો એને સાચવવાનો ડર અને પૈસા જતા રહે તો એની પાછળ એને ખોવાનું દુઃખ. બધી જ જગ્યાએ ડર અને દુઃખ છવાયેલા છે. શુધ્ધ આચાર વિચાર અને પોતાના કાર્યમાં શ્રધ્ધા અને વિશ્વાસથી ડરને જીતવો જોઇએ. શુધ્ધ આચાર વિચાર અને પોતાના કાર્યમાં શ્રધ્ધા અને વિશ્વાસથી ડરને જીતવો જોઇએ. તમને ઇશ્વરમાં વિશ્વાસ ભલે ન હોય પરંતુ તમારા કરેલા કાર્યમાં તો વિશ્વાસ છે ને? ખૂબ ડરી ડરીને પ્લાનિંગ કરીને જીવનાર ખરા સમયે મુશ્કેલીમાં મુકાયો હોય એવા દાખલાઓ છે અને તેની સામે જે નિર્ભય થઇને પ્રસન્નતાપૂર્વક માનવીય સંબંધોને મહત્વ આપીને જીવ્યો હોય એ વ્યક્તિને વગર માંગે મદદ સામેથી આવીને ઊભી રહે છે. એમાં કોઇ ચમત્કારની વાત નથી, પરંતુ આપણે વિકસાવેલા સંબંધો જ આપણને ક્યારેક કામમાં આવે છે. સમાજથી દૂર રહીને 'ઇન્ડિપેન્ડન્ટ'ના નામે ખોટો ડોળ કરીને જીવવું એ નીડરતા નથી, એ તો એકાકીપણું અને સ્વાર્થ વૃત્તિ છે. સાચો શિક્ષિત વ્યક્તિ માનવીય સંબંધોને પ્રેમ અને મહત્ત્વ આપીને સૌની વચ્ચે એક થઇને જીવતો હોય.

ઇન્સ્યોરન્સ એ માનવીની ડરપોકવૃત્તિનું સીધું ઉદાહરણ છે. એનો અર્થ એમ નથી કે વ્યક્તિ ઇન્સ્યોરન્સ ન કરાવે પણ માણસ ઇન્સ્યોરન્સમાં જેટલી શ્રધ્ધા રાખે છે. એટલી શ્રધ્ધા પોતાના જીવનને વ્યવસ્થિત બનાવવામાં રાખે તો વધારે ફરક પડે. શ્રધ્ધાની પૉલિસી અને ભરોસાના પ્રિમિયમથી માણસ જીવતો હોવો જોઇએ. માનવીને માનવીય મૂલ્યો પર શ્રધ્ધા નથી, પેશન્ટને ડૉક્ટર પર વિશ્વાસ નથી, વિદ્યાર્થીને શિક્ષક પર વિશ્વાસ નથી, કર્મચારીને ઑફિસર પર વિશ્વાસ નથી - આ બધાને લીધે જ આપણા જીવન શુષ્ક, તાણવાળા અને નિરસ બન્યા છે અને જેમ નિરસતા વધારે એમ મૃત્યુનો ભય વધારે અને એટલે જ આપણે બને એટલું બધું 'સિક્યોર' કરવા દોડાદોડ કરીએછીએ!

ટૂંકમાં, જેવી રીતે ગરીબી દૂર કરવાની જરૂર છે, ગરીબોને નહીં. તેવી રીતે શિક્ષણમાં રહેલ જડતા અને દૂષણોને દૂર કરવાની જરૂર છે, શિક્ષણને બંધ કરવાની વાત નથી. સ્પર્ધાની જગ્યાએ રસપૂર્વક અભ્યાસ કરીને પોતાપોતાના ક્ષેત્રમાં આગળ વધીને શ્રેષ્ઠતમ કાર્ય કરીને ઉત્તમ સાધનોથી જીવનને ઉત્તમ માનવીય ગુણોથી દીપાવવાની વાત છે. ભૌતિક પ્રગતિનો વિરોધ નથી, પરંતુ તમામ ભૌતિક પ્રગતિએ માનવીના જીવનને સુંદર અને જીવવાલાયક બનાવવા માટે છે, નહી કે માનસિક તાણ અને સંકુચિતતાઓ વધારવા માટે. શિક્ષણના વિવિધ પાસાઓ પર આપણે સૌએ વિચાર કરવો રહ્યો.

* "Read Guajarati"માંથી સાભાર.

ઘરની આ ખાસિયત હોય છે કે થોડો સમય જાય એટલે તમને નવી જગ્યા સાથે પ્રેમ થઇ જાય

યહી હૈ જિંદગી - વાર્તા
- એમ.સી. ઠાકર

સ્વીટી એટલે દિલ્હી. પણ કોણ સ્વીટી? મારા મિત્ર મહેન્દ્ર અને દર્શનભાભીની દીકરી. સ્વીટીની સગાઇના સમાચાર જાઇને ખૂબ જ આનંદ થયો... આનંદ એ વાતનો છે કે ગાંધીનગરમાં રહેતી દીકરી સૌરાષ્ટ્રના મુંબઇ જેવા શહેરમાં રહેવા જશે. સ્વીટીને આ મુજબ જ સારૂં મળે તેની નવાઇ મને નથી લાગતી કારણ કે તે હૉંશિયાર અને સમજુ છે. તેની આ સમજણ પાછળ તેના માતા પિતાના જે પ્રયત્નો છુપાયા છે તે આજે યાદ આવે છે. આ પ્રયત્નોની થોડી વાત તો કરવી જ રહી.

મને હજુ યાદ છે કે મારો આ પરમ મિત્ર ગાંધીનગરમાં નવો હતો. અમદાવાદ જેવા શહેરમાં એટલે તેને ત્યાં જ મઝા પડતી. પણ નોકરી કોને કહેવાય? ના ગમે તો પણ ગાંધીનગર રહેવું પડે. ગાંધીનગરમાં થિયેટર નહીં. કોઇ ફરવાનું સારૂં સ્થળ નહીં. હાં, સેક્ટર-૨૮નો બગીચો ખરો પણ ત્યાં તો બાળકોને મજા પડે. એમાં પાછા મહેન્દ્રના લગ્ન લિંબડી ખાતે થયા. દર્શના બહેન લિંબડીમાં માતાપિતા સાથે મજા કરતાં હતા. પોતે સૌથી મોટો એટલે તેમના લગ્ન થયા એટલે ગાંધીનગર આવવું પડ્યું. ભલે લિંબડી શહેર નહોતું પણ પોતે જયાં વર્ષો રહ્યા હોય ત્યાં કોને ના ગમે? વળી પોતાનાથી નાની બહેનો અને ભાઇ બધાને માતાપિતા સાથે રહેવાનું અને તેમને લિંબડી છોડીને ગાંધીનગર આવવાનું!! છતાં લગ્ન એટલે ગાંધીનગર આવવું પડ્યું. આવીને જોયું તો અહીં ગાંધીનગરમાં મહેન્દ્રને જ ગમતું ન હતું. આવ્યા ત્યારે સમજાયું કે હવે તો આ ઘર જ મારૂં છે. માટે અહીં જ રહેવાનું છે. જેમ જેમ સમય વિત્યો તેમ તેમ તેણે ગાંધીનગર ખૂબ જ ગમતું શહેર બની ગયું. લિંબડી જાય તો પણ બંને જેમ બને તેમ જલદી ગાંધીનગર ભેગા થાય. ઘરની આ ખાસિયત હોય છે કે થોડો સમય જાય એટલે તમને નવી જગ્યા સાથે પ્રેમ થઇ જાય.

લગ્ન પછી દર્શનાભાભી લિંબડી જાય પણ મહેન્દ્રને એકલા રહેવું પડે એટલે એકાદ અઠવાડિયું કે દસ દિવસ રહે અને ફરી ગાંધીનગર યાદ આવે... સ્વીટીના અને મોન્ટુના જન્મ પછી વાત જ બદલાઇ ગઇ. પછી તો લિંબડી જવાનું ગમે જ નહીં. આવું કેમ? કારણ સરળ હતું. શરૂઆતમાં 'હું' એટલે (દર્શના) અને 'તમે' એટલે (મહેન્દ્ર) એવા વિચારો હતાં પરંતુ સમય જતાં 'હું' અને 'તમે' માંથી 'આપણે' એવું વિચારતાં થઇ ગયા. અને તેથી જ બંનેને વિચાર આવ્યા કરે કે આપણે આમ કરીએ... આપણે તેમ કરીએ. વિચારતાં વિચારતાં બંનેને પોતાની જવાબદારી વધારે અગત્યની લાગી અને તેના કારણે તો સ્વીટી માટે ભાવનગર જઇને દર્શનભાભી પોતે ભણ્યાં અને દીકરીને પણ ભણાવી. એનું જીવન સરળ કરવા તેને બહેરા મુંગા બાળકોની શાળામાં નહીં પણ ગાંધીનગરની ચૌધરી જેવી નોર્મલ સ્કૂલમાં મુકી. તે સમયે એની અમુક મુશ્કેલીઓ કે ખાસ કરીને અંગ્રેજી શીખવા મારી પાસે આવતી. તેને મહેનત અને સમજણ શક્તિનાં કારણે તે ગ્રેજ્યુએટ થઇ શકી.

આજે જયારે સ્વીટી મોટી થઇ ગઇ છે ત્યારે પોતાને પડી એવી એક પણ મુશ્કેલી સ્વીટીને ના પડે તે માટે તેમણે અનેક પાત્રો (છોકરાં) જોયા. લગ્નની જરાય ઉતાવળ ના કરી. આના પરિણામે આજે ભગવાને સ્વીટીની સગાઇ રાજકોટ જેવા શહેરમાં થાય તેવી મદદ કરી. આ બધું પણ ઝડપથી ગોઠવાયું!! વળી ખાસ વાત તો એ છે કે પોતાની જ્ઞાતિમાં જ આવો સંબંધ બંધાયો છે જેથી બ્રાહ્મણના ઘરમાં જેવી રીતભાત હોય તેવું વાતાવરણ મળશે. કેટલું સરસ કહેવાય! મને એ વાત જાણીને ખૂબ જ આનંદ થયો કે કુટુંબ સારૂં અને પ્રેમાળ છે. સ્વીટીની કાળજી રાખે તેવી બહેનપણી જેવી ભાભી છે તેથી એકલવાયું કે અજાણ્યું લાગવાનો તો પ્રશ્ન જ નથી. ખાસ વાત એ ગણાય કે રાજકોટ મોન્ટુનું જૂનું શહેર કેમ કે તે ત્યાં નોકરી માટે રહેલો છે અને ત્યારે સ્વીટી પણ ત્યાં ગયેલી છે. વળી કીર્તિકાકા તો ખરા જ. મારી પુત્રી ધ્વનિ જેવું જ થયું કેમ કે તેને પણ અમદાવાદમાં અનેક કાકાના ઘર છે. દીકરી માટે આ બહુ જ અગત્યનું છે. તદ્દન નવા જ ઘરે જવાનું એટલે નવું જરૂર લાગે પણ રાજકોટ જેવું શહેર હોય તો અજાણ્યું તો લાગે જ નહીં. કોઇ પણ જગ્યાએ આપણને ઘર જેવું વાતાવરણ અને તેવા જ પ્રેમાળ માણસો ના મળે તો જરૂર અજાણ્યું લાગે પણ સ્વીટીના કિસ્સામાં ઘરમાં બધા કાળજી લે તેવા માણસો છે અને સતત વાતો કરવાનું મન થાય એવો બધાનો સ્વભાવ છે એવી વાત દર્શનભાભીએ કરી ત્યારે ખૂબ જ આનંદ થયો. આ તબક્કે સ્વીટીને અને મહેન્દ્ર તથા દર્શનભાભીને ઉપરના સંભારણા સાથે ખૂબ ખૂબ અભિનંદન...

આપનો,
નરેશ ઝીંઝુવાડીયા

આજના દિવસનો મહિમા
- **ભાનુપ્રસાદ એસ. દવે**

૩જી જાન્યુઆરી

- શિષ્ટ પુસ્તકોનો પ્રચાર-વેચાણની યાત્રા આરંભનાર, સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલયના સ્થાપક અખંડાનંદ સંસ્કારવર્ધક માસિક, આપનારા સાહિત્યસેવક ભિક્ષુ અખંદાનંદજીની પુણ્યતિથિ ૩-૧-૧૯૪૨. MJ પુસ્તકાલયને ૧૦,૦૦૦ પુસ્તકો ભેટમાં આપી ઉમદા સાહિત્ય પ્રચારની ભાવના બતાવી.

- ૧૯૭૨ - કોલંબસે વેસ્ટ ઇન્ડિઝ ટાપુઓ શોધ્યા.
- વારાસલીના લોકો મોટીવ વર્કસમાં તૈયાર થયેલા પ્રથમ રેલ્વે એન્જિનનું આજે લાલ બહાદુર શાસ્ત્રીએ ઉદ્ઘાટન કર્યું હતું - ૧૯૬૪.
- ફ્રાઇઝર ડિમિયનો ટ્રેમેલુ ખાતે જન્મ - રક્તપિત્તયા દર્દીઓની સેવા કરનાર સેવાભાવી માનવી હતા.



- ૧૯૪૦ - કવિશ્રી વેણીભાઇ પુરોહિતનું અવસાન.

આયુર્વેદ મુજબ ફટકડી સ્વાદે તૂરી, કડવી અને તીખી છે, તે પિત્તને દૂર કરનાર, ઘાને ધોનાર તથા રૂઝવનાર છે, તેનાથી શરીરનું સોજાપણું, ઢીલાપણું દૂર થાય છ, ઘાનું સંકોચન થાય છે

બહુઉપયોગી ઔષધ-ફટકડી
નિરામય
- ડો. કેદાર ઉપાધ્યાય

આયુર્વેદમાં અનેકાનેક રોગોનું વર્ણન છે. આ રોગો વિષેનો વિષદ પરિચય ઉપરાંત તેમાં પ્રયોજાતા ઔષધોનું પણ વિસ્તારપૂર્વક વર્ણન છે. ઔષધો મુખ્યત્વે બે પ્રકારના હોય છે. એક તો કોષ્ઠૌષધી એટલે કે વનસ્પતિકાષ્ઠ કે વનસ્પતિના કોઇ પણ ભાગમાંથી બનાવવામાં આવતી ઔષધી. જયારે બીજી કાષ્ઠેત્તર ઔષધી. આ ઔષધીમાં પારો - સોનું - ચાંદી જેવી ધાતુઓ તેમજ વિવિધ ખનિજતત્ત્વોનો ઔષધી ઉપયોગ દર્શાવેલ છે.

આજે આપણે જેની વાત કરવાના છીએ તે ફટકડી ખનિજ સ્વરૂપે મળે છે. કચ્છ, સૌરાષ્ટ્ર, પંજાબ, ઉત્તર પ્રદેશ વગેરે સ્થળોએથી તે મળી આવે છે. પહેલાના સમયમાં ફટકડી મેળવવાનું મુખ્ય કેન્દ્ર સૌરાષ્ટ્ર હતું. આથી ફટકડીને સૌરાષ્ટ્રી પણ કહે છે. આપણે ફટકડીના ઘરગથ્થુ ઉપયોગો વિષે પરિચિત છીએ પરંતુ તે ઉપરાંત પણ ફટકડી બીજા ઘણા રોગોમાં લાભદાયક છે.

ફટકડી જે જમીનમાં એલ્યુમિનિયમ અને ગંધક વિશેષ હોય છે. તેની આસપાસમાં એક વિશિષ્ટ પ્રકારની માટી (તેને તુવરી કહે છે)માં થાય છે. આ માટીમાંથી ફટકડીને વિધિપૂર્વક છુટી પાડવામાં આવે છે. ગ્રંથો મુજબ કચ્છ અને સિંધ પ્રાંતની ફટકડી સૌથી ઊંચી જાતની હોય છે અને તેમા નવસારના તત્ત્વો વિશેષ માત્રામાં જોવા મળે છે. હાલ તો બોક્સાઇટ નામના રસાયણમાંથી કૃત્રિમ રીતે પણ ફટકડી તૈયાર કરવામાં આવે છે. ફટકડીમાં એલ્યુમિનિયમના તત્ત્વો સૌથી વધુ માત્રામાં છે આથી તેને એલમ કહેવામાં આવે છે જે ફટકડીમાં લૌહતત્ત્વો વિશેષ હોય છે તે ફટકડી રાતી જોવા મળે છે.

આયુર્વેદ મુજબ ફટકડી સ્વાદે તૂરી, કડવી અને તીખી છે. તે પિત્તને દૂર કરનાર, ઘાને ધોનાર તથા રૂઝવનાર છે. તેનાથી શરીરનું સોજાપણું, ઢીલાપણું દૂર થાય છે. ઘાનું સંકોચન થાય છે.

સ્ત્રીઓને લોહીવા થાય છે કે જે મહીનાઓ સુધી ચાલે છે આ માટે ગર્ભાશયમાં ચાંદુ કે તેની શિથિલતા જવાબદાર હોય છે. લોહીવામાં ફટકડીને સોનાગેરૂ તથા અશોકની છાલ સાથે લેવાથી ઘણી રાહત થાય છે.

આવી જ રીતે સ્ત્રીઓમાં ગર્ભાશય ચલીત થઇ પોતાના સ્થાનથી નીચે આવી ગયું હોય તેવી સ્થિતિમાં ફટકડીની પોટલી મુકવામાં આવે છે. ફટકડીના પાણીનો ડુશ લેવાથી પણ ગર્ભાશયની દિવાલોનું સંકોચન થાય છે. અને ગર્ભાશયમાં સંગ્રહાયેલા વિજાતીય તત્ત્વો બહાર આવી જાય છે.

દાંતમાં થતો રક્તસ્રાવ, પેઢા સોજી જવા, દાંતમાં દુઃખાવો થવો તેમજ દાંત અકાળે પડી જવા જેવા રોગોમાં ફટકડી યુક્ત દંતમંજન દાંતે ઘસવાથી તેમજ આ મંજને તલના તેલમાં ભેળવી તેને મોંમા ભરાવી રાખી કોગળા કરવાથી રાહત થાય છે. બોરસલી તેમજ ફૂલાવેલી ફટકડીના મિશ્રણથી દાંત ખૂબ મજબૂત બને છે.

મરડો એક પ્રકારે પિત્તજ ગરમીનો રોગ છે. તેમાં પણ લોહી પડે એવું બને. કેટલીક વખત તો લાંબા સમય સુધી લોહી પડે છે. આવા મરડામાં ફટકડીની સાથે ઇન્દ્રયવ તથા બીલાના ચૂર્ણને લેવાથી ફાયદો થાય છે.

કેટલીક વખત દર્દીને હરસ અને સુકાયેલ મળને કારણે તે ગુદા દ્વારથી બહાર નીકળતા હોય છે. વળી બળપૂર્વક મળ પ્રવૃત્તિ કરવાથી મળ હરસ સાથે ઘસાવાથી રક્તપ્રવૃત્તિ પણ થાય છે. આ બધા કિસ્સાઓમાં ફટકડીના પાણીમાં બેસવાથી કે તેને લગાવવાથી રક્તસ્રાવ બંધ થાય છે, તેમજ હરસ સંકોજાઇને અંદર ચાલ્યા જાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)